Original Paper

ISSN: 2321-1520

# ગુજરાત યુનિવર્સિટી (૧૯૪૯-૨૦૧૬): પરિચય

**ડૉ. અરુણ વાઘેલા***

પ્રોફેસર અને અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૦૯

arun.tribalhistory@gmail.com

*Corresponding author

Received Date : 20-11-2016

Published Date: 1-5-2017

**ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના (૧૯૪૯)સમયે ગુજરાતનું શૈક્ષણિક વાતાવરણ:**

આજે ગુજરાતની સૌથી મોટી યુનિવર્સિટી ગણાતી ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના ૨૩ નવેમ્બર ૧૯૪૯ ના રોજ થઈ હતી.સમયના વહેણ સાથે આજે ૨૦૧૬ ના વર્ષે,૬૭ વર્ષ પછી પશ્ચિમ ભારતની અગ્રગણ્ય યુનિવર્સિટી તરીકે વિકસી છે.

ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનાની ઘટનાને એકલદોકલ યુનિવર્સિટીના સંદર્ભમાં જોવાને બદલે તત્કાલીન પશ્ચિમ ભારત અને ભારતના ઉચ્ચ  શિક્ષણના વાતાવરણના સંદર્ભમાં જોઈએ તો તેનું મહત્વ સ્પષ્ટ થશે. ભારતમાં વૈદિક કાળથી શિક્ષણ-વિદ્યાકીય પ્રવૃતિઓના પ્રમાણો પ્રાપ્ત થાય છે, પરંતુ આજના શિક્ષણ જગતનું વ્યવસ્થિત માળખું બ્રિટિશ શાસનમાં શરુ થયું હતું. એક તરફ ભારતીયો બ્રિટિશરાજ સામે ૧૮૫૭નો સંગ્રામ ખેલી રહ્યા તો બીજી તરફ મુંબઈ, મદ્રાસ અને કલકતા જેવા મહાનગરોમાં એ જ વર્ષે ત્રણ યુનિવર્સિટીઓ સ્થપાઈ હતી. આમ તો ભારતના ઉચ્ચ શિક્ષણનો ઇતિહાસ ૧૮૧૭માં કલકતામાં સ્થપાયેલી હિન્દુ કોલેજથી શરુ થાય છે.

બ્રિટિશ અમલ દરમિયાન ગુજરાત મુંબઈ પ્રાંતનો ભાગ હતું, પરંતુ ૧૮૬૧ સુધી ગુજરાતમાં એક પણ કોલેજ ન હતી. જે મ્હેણું ૧૮૬૧ માં ગુજરાત કોલેજની સ્થાપના થતા ભાંગ્યું હતું. ગુજરાત કોલેજની સ્થાપના માટે અમદાવાદના નાગરિકોએ ૭૨,૫૦૦ રૂપિયા જેટલો ફાળો એકઠો કર્યો હતો જ્યાં 'લો લેકચર્સ'ના નામે વિવિધ વિષયો શીખવવમાં

આવતા હતા. પરંતુ ૧૮૭૨માં ૯ વર્ષ ચાલ્યા બાદ વિદ્યાર્થીઓની અપુરતી સંખ્યા અને મુંબઈ યુનિવર્સિટીનું જોડાણ નહીં મળવાથી કોલેજ બંધ કરવી પડી હતી. ૧૮૭૯માં 'ગુજરાત પ્રોવિન્શિયલ કોલેજ' તરીકે તે ફરીથી કાર્યરત થઈ હતી. ૧૯માં સૈકાનાં ઉતરાર્ધ સુધીમાં તો ૧૮૮૨માં વડોદરા, ૧૮૮૬માં ભાવનગરમાં શામળદાસ અને ૧૮૯૬માં જૂનાગઢમાં બહાઉદીન જેવી કોલેજો શરુ થઈ ચુકી હતી. દેશ આઝાદ થયો ત્યાં સુધીમાં તો ગુજરાતની ૧૩ જેટલી કોલેજો યુવાનોની ઉચ્ચ શિક્ષણની ભૂખ સંતોષતી હતી. આ કોલેજો રાજકોટ (ધર્મેન્દ્ર કોલેજ, ૧૯૩૯), અમદાવાદ આર્ટ્સ કોલેજ (અમદાવાદ, ૧૯૩૪), નવસારી (૧૯૪૫) ઉપરાંત વિસનગર, નડિયાદ, વલ્લભવિદ્યાનગર (આણંદ) વગેરે જગ્યાએ હતી. આટલી કોલેજો હોવા છતાં તેની છત્રછાયા સમાન યુનિવર્સિટીની ગુજરાતમાં કમી હતી. જે ૧૯૪૯માં ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના થતા પુરી થઈ હતી. તે જ વર્ષે વડોદરામાં એમ.એસ. યુનિ. શરુ થઈ હતી, પરંતુ તેનું કાર્યક્ષેત્ર વડોદરા શહેર પૂરતું જ સીમિત હતું.

**ગુજરાત યુનિવર્સિટીના સ્વપ્નદ્રષ્ટાઓ :**

ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનાનો વિચાર અને અમલની દિશામાં અનેક વિદ્યાપુરુષોનો બૌદ્ધિક શ્રમ રહેલો હતો. આ યાદીમાં સૌ પ્રથમ નામ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી(૧૯૪૮)ના સેક્રેટરી, શ્રી હીરાલાલ પારેખનું છે. તેમને 'બુધ્ધીપ્રકાશ' સામાયિકમાં ૧૯૧૭ના વર્ષે 'ગુજરાતી ભાષાના વધુ અભ્યાસ, વિકાસ અને વૃદ્ધિ અર્થે યુનિવર્સિટીની યોજના' શીર્ષકથી ચર્ચા શરુ કરી હતી. તેમને પ્રજાએ સ્વતંત્ર ગુજરાતી યુનિવર્સિટી સ્થાપવાનું કામ ઉપાડી લેવું જોઈએ એવી દલીલ રજુ કરી હતી. શ્રી પારેખે યુનિવર્સિટીની સ્થાપનાની યોજનામાં સાત અંગો હોવા જોઈએ તેની પણ ચર્ચા આ લેખમાં કરી હતી.

આજે ગુજરાત યુનિવર્સિટીના સેનેટ હોલના પ્રવેશદ્વાર પાસે જ જેમનું સ્ટેચ્યુ મુકાયેલું છે તેવા આનંદશંકર બાપુભાઈ ધ્રુવે પણ ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનામાં બૌદ્ધિક પુરુષાર્થ કર્યો હતો. તેમને 'શિક્ષણ અને સાહિત્ય' નામના સામાયિકમાં ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનાની તાત્વિક ભૂમિકા ચર્ચી હતી. તેમણે લખ્યું છે કે "ગુજરાતી ભાષા અને સાહિત્યને વિકસાવવા માટે એને યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં મૂકી પરીક્ષાની ઘાણીમાં પીલવાની જરૂર નથી - સુંદર પુષ્પની વાડીની માફક એનો વિકાસ કરવો જોઈએ અને એ માટે કોલેજના વિદ્યાર્થીઓના ક્લબો, મંડળો સ્થાપવા જોઈએ." તેમણે એક ખાસ વાત એ કહી હતી કે 'ઘણી વિશિષ્ટતા તો મનુષ્યના ચહેરાની માફક, જન્મથી જ હોતી નથી પણ ધીમે ધીમે વિકસે છે. યુનિવર્સિટી જેમ જેમ વિકસશે તેમ તેમ એનું સ્વરૂપ અધિક વિશિષ્ટતા ગ્રહણ કરતુ જશે." યુનિવર્સિટીના આ સ્વપ્નદ્રષ્ટાની ભવિષ્યવાણીને આજે ૨૦૧૬માં ગુજરાત યુનિવર્સિટીએ પુરવાર કરી છે.

ભારતની લોકસભાના પ્રથમ સ્પીકર ગણેશ વાસુદેવ માવલંકર પણ ગુજરાત યુનિવર્સિટી વિદ્યાર્થીઓના સ્વપ્નદ્રષ્ટાઓ પૈકીના એક હતા. "ગુજરાત યુનિવર્સિટીની મારી કલ્પનાને હું મારુ સ્વપ્ન કહેતો નથી પણ એ મારી જાગ્રત અવસ્થા છે." જેવા તેમના શબ્દો તેમના યુનિવર્સિટી સ્થાપના પાછળના સમર્પણભાવની પ્રતીતિ કરાવે છે. આ જ ગાળામાં ડિસેમ્બર ૧૯૪૩માં વડોદરામાં શ્રીમતી વિદ્યાગૌરી નીલકંઠના પ્રમુખપદે ભરાયેલી સાહિત્ય પરિષદ યોજાઈ હતી. તેમાં ઉપસ્થિત સાહિત્યકારોએ ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના માટેનો ઠરાવ રજુ કરી ગુજરાતના બૌધિકોની જવાબદારી નિભાવી હતી. આ જ પરિપાટી પાર અમદાવાદના નગરશેઠ કુટુંબના શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ પણ ગુજરાત યુનિવર્સિટીની સ્વપ્ન સેવ્યું હતું. તેમણે કહેલું કે કોલેજો તો યુનિવર્સિટીના અવયવ માત્ર છે. આપણો આરાધ્ય દેવતા તો ગુજરાત યુનિવર્સટી છે. ઠાલા વિચારો જ નહીં, ગુજરાત યુનિવર્સિટી સ્થપાઈ ત્યારે ઉઘરાવેલા ૪૪,૬૮,૨૦૦ રૂપિયામાંથી માત્ર કસ્તુરભાઈ કુટુંબનો ફાળો જ ૧૨ લાખ રૂપિયા હતો. ગુજરાત યુનિવર્સિટીના મકાનોના બાંધકામમાં પણ તેમનું કિંમતી માર્ગદર્શન મળ્યું હતું. આમ ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના થઈ તે પૂર્વે શિક્ષણવિદોના માનસપટ પર અંકિત થઈ ચુકી હતી.

**ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના:**

ગુજરાત યુનિવર્સિટી સ્થાપવાની બૌદ્ધિક કવાયતને નજરમાં રાખી મુંબઈ રાજ્યના મુખ્યપ્રધાન શ્રી બાળાસાહેબ ખેરે શ્રી જી. એમ. માવલંકરના નેતૃત્વમાં એક સમિતિની રચના કરી જે ગુજરાત વિશ્વવિદ્યાલય મંડળ કહેવાય. ગુજરાત વિશ્વવિદ્યાલય મંડળે ગુજરાત યુનિ.ની સ્થાપના માટે ૯૨ પાનાનું લાબું નિવેદન મુંબઈ સરકારને સોંપ્યું હતું.

આખરે 'The Gujarat University Act' દ્વારા તારીખ ૨૩ નવેમ્બર ૧૯૪૯ના રોજ ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના થઈ. આ સમયે આખા ભારતમાં માત્ર ૨૮ યુનિ.ઓ અને ૬૯૫ કોલેજો હતી. લોખંડીપુરુષ સરદાર પટેલે યુનિવર્સિટીના કામચલાઉ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કર્યું. આજે ૨૬૦ એકર જમીન અને અનેક બિલ્ડીંગો ધરાવતી ગુજરાત યુનિવર્સિટીની શરૂઆત એચ. એલ. કોલેજના જીમખાના અને એલ.ડી. એન્જી. કોલેજની ઇલેક્ટ્રીક વિભાગની લેબોરેટરીમાંથી થઈ હતી. આ બંને સ્થાનોએ યુનિવર્સિટીના કામચલાઉ કાર્યાલયો હતા. તત્પશ્ચાત મુંબઈ સરકારે વસ્ત્રાપુર ગામ પાસે સર્વે ન. ૨૩૮માં સદા ચાર એકરનો પ્લોટ યુનિવર્સિટીનું કાર્યાલય બાંધવા માટે મફત આપ્યો હતો. યુનિવર્સિટીનું કાર્યાલય અને ભવનોના બાંધકામ માટે ગુજરાતીઓના દાનનો અવિરત પ્રવાહ શરુ થયો. અંદાજે એક કરોડ રૂપિયા એકઠા કરવાનો લક્ષયાંક હતો. ૧૪ ઓગસ્ટ ૧૯૫૩ના રોજ યુનિવર્સિટીના મુખ્ય કાર્યાલયના મકાનનું બાંધકામ શરુ થયું. જે માર્ચ ૧૯૫૪માં પૂરું થયું. ૧૬૦ ફુટ ઊંચા ટાવરવાળા બિલ્ડિંગમાં બે ભાગ વહીવટ માટે અને ત્રીજો માળ ગ્રંથાલય માટે ફાળવાયો હતો. પૂર્ણ કાળના આ ટાવરવાળા બિલ્ડિંગનું ઉદ્‌ઘાટન ૩ માર્ચ ૧૯૫૪ના રોજ મુંબઈ રાજ્યના તત્કાલીન શિક્ષણમંત્રી શ્રી દિનકરરાવ એમ. દેસાઈએ કર્યું હતું. ટાવરવાળું બિલ્ડીંગ આજે તો માત્ર ગુજરાત યુનિવર્સટી જ નહીં આખાય અમદાવાદ શહેરની ઓળખ સમું બની રહ્યું છે.

**ગુજરાત યુનિવર્સિટીની વિકાસયાત્રા(૧૯૪૯-૨૦૧૬)**

યુનિવર્સિટીની સ્થાપના પછીનું કામ તેની ભૌતિક સુવિધાઓ અને શિક્ષણયાત્રાને આગળ ધપાવવાનું હતું. વસ્ત્રાપુર ગામની હદમાં આ માટે ૫૬૦ એકર જમીન સંપાદિત કરી તેમાંથી ૨૬૦ એકર જમીન ગુજરાત યુનિવર્સિટીને ફાળવવામાં આવી. આમ ગુજરાત યુનિવર્સિટીનો જન્મ એક 'તંદુરસ્ત બાળક' તરીકે થયો. શરૂઆતમાં સમાજવિદ્યાભવન, મનોવિજ્ઞાન-તત્વજ્ઞાન , ભાષા-સાહિત્યભવન અને વિજ્ઞાન ભવનની શરૂઆત થઈ. યુનિવર્સિટીના પહેલા કુલપતિ તરીકે તત્વજ્ઞાનના અધ્યાપક અને નિવૃત ન્યાયાધીશ શ્રી હરસિદ્ધભાઈ દીવેટિયાની નિમણુંક થઈ. તેમણે પોતાના આઠ વર્ષના કાર્યકાળ દરમિયાન યુનિવર્સિટીના વિકાસમાં ગજબની કુનેહ દાખવી હતી. તારીખ ૨૦/૧૦/૧૯૫૦ ને દશેરાના દિવસે તેમણે યુનિવર્સિટીના પહેલા મંગળ પ્રવચનમાં કહેલું તે આજે પણ આપણને પ્રેરણા આપે તેવું છે." દેશની ખરી મૂડી તો તેના માનવદાનમાં રહેલી છે અને આવું માનવદાન ઉભું કરવું એ યુનિવર્સિટીનું મુખ્ય ધ્યેય છે." સમયાંતરે ગુજરાત યુનિવર્સિટીને મગનભાઈ દેસાઈ, ઉમાશંકર જોશી, ડો. પી.સી. વૈદ્ય, ઈશ્વરભાઈ પટેલ, એન. વી. વસાણી, કે. એસ. શાસ્ત્રી, એ. યુ. પટેલ જેવા કાર્યદક્ષ કુલપતિઓ સાંપડ્યા હતા. સાંપ્રતમાં ટેકનોક્રેટ ડો. એમ. એન. પટેલ ગુજરાત યુનિવર્સિટીનું સુકાન સાંભળી રહ્યા છે.

યુનિવર્સિટીના કુલપતિઓ જેટલું જ યોગદાન બિનશૈક્ષણિક કર્મચારીઓ અને અધ્યાપકોએ ગુજરાત યુનિવર્સિટીના વિકાસમાં આપ્યું છે. આવું સૌ પ્રથમ નામ શ્રી કંચનલાલ પરીખનું લેવું પડે. ૧૯૫૫થી ૧૯૮૧ સુધી લગભગ ૨૬ વર્ષ સુધી યુનિવર્સિટીનું કુલસચિવ પેડ સંભાળનાર કંચનલાલને ગુજરાત યુનિવર્સિટીના 'દીવાન' કહીએ તો પણ અતિશયોક્તિ નથી. અધ્યાપક આલમમાં ડો. અશ્વિન ત્રિવેદી (રસાયણશાસ્ત્ર), ગણિતશાસ્ત્રી પી. સી. વૈદ્ય, તત્વજ્ઞાન ક્ષેત્રે ડો. યજ્ઞેશ્વર શાસ્ત્રી, ઇતિહાસકાર ડો. મકરંદ મહેતા, હિન્દીમાં ડો. અંબાશંકર નાગર, પદ્મશ્રી ભોળાભાઈ પટેલ અને કુમારપાળ દેસાઈ, જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા ઉમાશંકર જોશી અને ડો. રઘુવીર ચૌધરી, સમાજશાસ્ત્રી ડો. તારાબેન પટેલના વ્યક્તિત્વ અને કૃતિત્વથી પણ ગુજરાત યુનિવર્સિટીની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઓળખ ઊભી થઈ છે. ગુજરાત યુનિ.ના આ અધ્યાપકોએ માત્ર સંખ્યાની દ્રષ્ટિએ જ નહીં સંશોધન કર્યો દ્વારા યુનિની પ્રતિષ્ઠા ઉભી કરી

હતી.

યુનિવર્સિટીનું સત્તામંડળ એ યુનિવર્સિટી દિમાગ છે. નીતિવિષયક નિર્ણયો દ્વારા ગુજરાત યુનિવર્સિટીની શિક્ષણયાત્રાને ૧૯૪૯થી ૨૦૧૬ સુધી વિકસાવવામાં અનેક શિક્ષણશાસ્ત્રીઓનું પ્રદાન છે. ડો. વિક્રમ સારાભાઈ, ડોલરરાય માંકડ, ઠાકોરભાઈ દેસાઈ, યશવંત શુક્લ, ઘનશ્યામભાઈ ઓઝા, ઇન્દ્રવદન નાણાવટી, ડો. કે. કે. શાસ્ત્રી, ઉમાશંકર જોશી, એમ. એન. દેસાઈ, હીરલા ભગવતી, સુધી નાણાવટી, નરહરિ અમીન, જગદીશ ભાવસાર અને મનીષ દોશી જેવા અનેક સેનેટ , સિન્ડિકેટ મેમ્બરોએ ગુજરાત યુનિવર્સિટીના સત્તા મંડળમાં પોતાની જવાબદારીઓ સુપેરે નિભાવી છે.

**ગુજરાત યુનિવર્સિટી સમાજ ઉત્કર્ષના ક્ષેત્રે :**

ગુજરાત યુનિવર્સિટી રૂપી સુંદર બાગના પુષ્પો એ અહીંના વિદ્યાર્થીઓ.અભ્યાસના વિષયો તો ખરા જ, ગુજરાત યુનિ.ના વિદ્યાર્થીઓએ કાલા-સાહિત્ય અને સમાજસેવાના ક્ષેત્રે, યુવક મહોત્સવો, એન. એસ. એસ.ના નેજા નીચે સમાજસેવામાં અસાધારણ કૌવત દાખવ્યું છે. ડો.પરીખ અમેરિકી પ્રમુખ શ્રી બારાક ઓબામાના અંગત સલાહકાર તરીકે કાર્યરત હતા. ડો. તેજસ પટેલને તબીબી વિજ્ઞાની સિદ્ધિઓને લઈ તાજેતરમાં પદ્મશ્રીનો ઈલ્કાબ પ્રાપ્ત થયો છે તો ગીત-સંગીતની દુનિયામાં હર્ષદ જનાર્દન રાવલ જેવા અનેક કલાકારોએ યુનિવર્સિટીની ખુશ્બૂને દુનિયામાં ફેલાવી રહ્યા છે. શ્રી નરેન્દ્ર મોદી પણ આ જ યુનિવર્સિટીના વિદ્યાર્થી હતા, જેઓ આજના પરિચયના કોઈ મોહતાજ નથી.

ગુજરાતની સમસ્યા કે ગુજરાત પરની આફતને ગુજરાત યુનિવર્સિટીએ પોતાની ગણી છે. મોરબી શહેરમાં મચ્છુ બંધ તૂટ્યા પછીની હોનારત હોય, ગુજરાત પાર પડેલા દુષ્કાળો હોય, અમદાવાદના ગુજરાતના કોમી રમખાણો હોય કે પછી ૨૦૦૧નો કચ્છનો ભૂકંપ હોય ગુજરાત યુનિ. એ વ'સેવા પરમો ધર્મ'નું સૂત્ર સાર્થક કર્યું છે. શ્રમિક વિદ્યાપીઠ એ પણ ભૂતકાળમાં સમાજ ઉત્કર્ષના ક્ષેત્રે માતબર પ્રદાન કર્યું હતું. રક્તદાન, સ્વચ્છતા અભિયાન, રણ ફોર યુનિટી, વૃક્ષારોપણનો વિશ્વવિક્રમ વગેરે પણ ગુજરાત યુનિ.ની સિદ્ધિના સોપાનો છે. ગુજરાત યુનિ.એ આ દ્વારા ડો. રાધાકૃષ્ણને કહેલા શબ્દો." વિશ્વ વિદ્યાલય વિશ્વતમતાનું પ્રતીક છે. યુનિ.ને માત્ર એક જ જતી છે અને તે માનવજાતિ. આ એવું સ્થળ છે કે જ્યાં ચામડીના કોઈપણ રંગની નીચે, ચહેરા પર દેખાઈ આવતી કોઈપણ જ્ઞાતિની નીચે, સમાજની કોઈપણ તારાહની નીચે સમાન પ્રકારની ઉત્કટ ઈચ્છાઓ, સમાન એવા નૈતિક મૂલ્યો જોઈ શકાય છે." તે સાર્થક કાર્ય છે. એ રીતે ગુજરાત યુનિ. લોકજીવનની સામાજિક સંસ્થા બની છે, દેશકાળને ઘડનારું પરિબળ પણ બની છે.

**ગુજરાત યુનિવર્સિટી સાંપ્રત:**

૧૯૪૯માં સ્થાપના સમયે ચાર અનુસ્નાતક ભવનો અને ૧૩ સંલગ્ન કોલેજો સાથે ગુજરાત યુનિ.ની શિક્ષણયાત્રા શરુ થઈ હતી જે એમ. એસ. યુનિવર્સિટી સિવાયની બધી જ યુનિવર્સિટીઓનો જન્મ ગુજરાત યુનિવર્સિટીમાંથી થયો છે. આ પહેલા આખા ગુજરાતની કોલેજ ગુજરાત યુનિવર્સિટી હસ્તક હતી. આજે તો ૪૭ અનુસ્નાતક ભાવનો, ૫૦ સંલગ્ન શૈક્ષણિક સંસ્થાઓ અને ૩૭૨ કોલેજો સુધી વિસ્તરી છે યુનિવર્સિટીનું ગ્રંથાલય અંદાજે સાડાત્રણ લાખ ગ્રંથો ઉપરાંત હસ્તપત્રો, સામાયિકો, એ-બૂક્સનો ખજાનો ધરાવે છે. યુનિવર્સિટીના વિજ્ઞાન, વાણિજ્ય અને વિનયન ભવનોએ અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિસંવાદો યોજી આગવું સંશોધન ઉભું કર્યું છે. ૧૯૭૪માં શરૂ થયેલું એ.ડી. આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર એક સમયે ગુજરાતભરમાં પ્રસિદ્ધ થયું હતું. યુનિ.નું આરોગ્ય કેન્દ્ર ૧૯૬૩ માં શરૂ હતું, જે યુનિ. ના કર્મચારીઓ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓને તંદુરસ્ત રાખવાની ફરજ બજાવે છે. પત્રકારત્વ ભવન, ઈ.એમ.આર.સી., ઈકવલ ઓપર્ચ્યુનિટી સેલ, ડો. આંબેડકર ચેર, એમ.એસ.ડબ્લ્યુ ઉપરાંત હ્યુમન જિનેટિક્સ અને મોબાઈલ એપ્લિકેશનના અભ્યાસક્રમો આજે ગુજરાત યુનિ.ની ઓળખ બન્યા છે. ૧૯૫૭ થી શરૂ થયેલું 'વિદ્યા' નામના યુનિ.નું મુખપત્ર એ સંશોધનોના પ્રકાશનના સંદર્ભમાં નવા કીર્તિમાનો સ્થાપ્યા હતા. 'વિદ્યાવૃત્ત' યુનિ.ની ગતિવિધિઓને ગુજરાતના શિક્ષણજગત અને સમાજ સુધી પહોંચાડે છે. તો યુનિ.ના પ્રકાશન વિભાગ એ સ્થાપનાકાળથી આજ સુધીમાં લગભગ એક હજાર કરતા વધું પુસ્તકો પ્રકાશિત કાર્ય છે. જેમાં વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાનના વિષયોની પરિભાષા

કરતા પુસ્તકોની સંખ્યા ૩૦ કરતા વધુ છે. ખરેખર, આ બહુ જ મોટી સિદ્ધિ છે. ટૂંકમાં સંશોધન, ગ્રંથાલય અને પ્રકાશનના સંદર્ભમાં ગુજરાત યુનિ. અદ્યતન સ્થિતિ ધરાવે છે.

સમય પ્રવાહમાં ગુજરાત યુનિ. શૈક્ષણિક ઉપરાંત સામાજિક અને આર્થિક રીતે પણ વધુને વધુ પરિપક્વ થઈ છે. તાજેતરમાં જ યુનિ.ના પ્રવેશની કામગીરી ઓનલાઇન એડમિશન દ્વારા સંપન્ન કરી ગુજરાત યુનિ.એ કીર્તિમાન રચ્યો છે. પરીક્ષાઓના પરિણામો સમયસર જાહેર કરી વિદ્યાર્થીઓની ચાહના પ્રાપ્ત કરી છે. એક સમયે સેનેટ, સિન્ડિકેટની ચૂંટણીઓમાં ચાલતા ગંદા રાજકારણ, વેરભાવ અને રાગદ્વેષ આજે ભૂતકાળ બની ચુક્યા છે. જેનો શ્રેય ગુજરાત યુનિ.ના વિદ્યમાન કુલપતિશ્રી ડો. એમ. એન. પટેલ અને તેમની ટીમને ફાળે જાય છે. યુનિ. કન્વેનશન સેન્ટર ગુજરાતભરના વ્યવસાયિકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ગુજરાતભરની સાંસ્કૃતિક પ્રવૃતિઓ માટે પણ યુનિવર્સિટી કન્વેનશન સેન્ટર પ્રથમ પસંદગી બની રહી છે. જે સાંપ્રત સમયમાં યુનિ.ની આવકનો પણ મોટો સ્ત્રોત છે વળી, ગુજરાત યુનિવર્સિટીના વહીવટીકર્તાઓની સુઝબુઝ અને દીર્ઘદ્રષ્ટિને પરિણામે ગુજરાત યુનિ. આર્થિક રીતે સંપૂર્ણપણે સક્ષમ બની છે.

આમ, ૧૯૪૯માં સ્થપાયેલી ગુજરાત યુનિ. અનેક તડકી-છાંયડીઓ જોઈ આજના મુકામ પાર પહોંચી છે. બદલાતા સમય અને સંજોગો પ્રમાણે ઘટતાં પરિવર્તનો કરી ગુજરાતની તો ખરી જ, સમગ્ર પશ્ચિમ ભારતની અગ્રણી યુનિ. બની રહી છે. યુનિ. ના પદવીદાન સમારંભોમાં શ્રી નરેન્દ્ર મોદી, સુનિતા વિલિયમ્સ ઉપરાંત સમયે સમયે યુનિ.ની મુલાકાતે આવેલા ડો. મનમોહનસિંઘ, શ્રી કપિલ સિબ્બલ, ડો. મુરલી મનોહર જોશી, શ્રી અરુણ જેટલી અને ગીત શેઠી રમતવીરો પણ યુનિ.ની પ્રવૃત્તિઓને બિરદાવી છે.

ગુજરાત યુનિ. જેવી વિશાળકાય અને અંદાજે સદા છ દાયકા જેટલો ભવ્ય ભૂતકાળ ધરાવતી યુનિ.ના ઇતિહાસને આવા નાના લેખમાં સમાવવો એ તો ગાગરમાં સાગર ભરવા સમાન છે. ખરેખર તો આ વિષય સ્વતંત્ર પુસ્તકલેખનનો છે. એ થશે ત્યારે ગુજરાત યુનિ.નો જ્ઞાન -વિચારોના સંરક્ષણ, વિતરણ અને વિવેચન, સત્યનું અન્વેષણ તથા બૌદ્ધિક-સાંસ્કૃતિક ધોરણો ક્ષેત્રે તેના ઇતિહાસની નોંધ થઈ ગણાશે.

**સંદર્ભ સૂચિ**


૧) ગુજરાત યુનિ.ના વાર્ષિક અહેવાલો,વર્ષ ૧૯૫૫-૫૬થી ૨૦૧૫ સુધી

૨) બુધ્ધીપ્રકાશ (માસિક) ૧૯૧૭

૩) શિક્ષણ અને સાહિત્ય (માસિક) ૧૯૧૭

૪) આનંદશંકર ધ્રુવ શ્રેણી, કેળવણી વિચાર (સપા. યશવંત શુક્લ અને અન્ય), ગાંધીનગર, ૨૦૦૨

૫) ધનવંતભાઈ દેસાઈ, શૈક્ષણિક પ્રશાશન, અમદાવાદ, ૧૯૭૬

૬) શ્રી હરસિદ્ધ દિવેટિયા લેખસંચય

૭) કંચનલાલ પરીખ, ગુજરાત યુનિવર્સિટીના ક્રાંતદર્શી કુલપતિ મગનભાઈ દેસાઈ, અમદાવાદ, ૧૯૯૯

૮) આર. કે. શાહ, (સંપા) પ્રોફે. અશ્વિનભાઈ ત્રિવેદીની જીવનકથા, અમદાવાદ, ૧૯૭૫

૯) રઘુવીર ચૌધરી, તિલક કરે રઘુવીર-૨, અમદાવાદ, ૧૯૯૮

૧૦) ઉમાશંકર જોશી, કેળવણીનો કીમિયો, અમદાવાદ, ૧૯૭૭

૧૧) હરિપ્રસાદ શાસ્ત્રી(સંપા)ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ,અમદાવાદ,૧૯૮૯

૧૨) Moonis Raza,Higher Education in India:Retrospect and Prospect, Delhi, ૧૯૯૧